# રાજ્યમાં દૈનિક કેસ ૧૦ હજારથી નીચે

## છેલ્લા ૨૪ કલાકમાં નવા ૯૯૯૫ કેસ નોંધાયા : રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૦૪ વ્યક્તિના મોત : અત્યાર સુધીમાં કુલ ૬૦૯૦૩૧ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૨૮૨૪ કેસ



ગાંધીનગર,તા.૧૪

રાજ્યમાં કોરોના ધીરે ધીરે કાબુમાં આવી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. રાજ્યમાં કોવિડ ૧૯થી સાજા થનારા દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આજે નવા કેસ કરતા ડોઢ ગણા દર્દીઓ એટલે ૧૫,૩૬૫ દર્દીઓ રિકવર થયા હતા. રાજ્યમાં આજે કુલ ૩૩,૦૫૦ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું હતું. રાજ્યમાં આજે કોરોનાના નવા ૯,૯૯૫ કેસ નોંધાયા હતા. ૬,૦૯,૦૩૧ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી રાજ્યમાં સાજા થવાનો દર ૮૨.૮૨ ટકાએ પહોંચ્યો છે.રાજ્યમાં હાલ કુલ ૧,૧૭,૩૭૩ કુલ સારવાર હેઠળ છે. વેન્ટિલેટર પર ૭૮૬ દર્દી વેન્ટિલેટર પર છે. ૧,૧૬,૫૮૭ દર્દીઓ સ્ટેબલ છે. ૬,૦૯,૦૩૧ દર્દીઓ ડિસ્ચાર્જ થયા છે. ૮૯૪૪ દર્દીઓનાં અત્યાર સુધી કોરોનામાં કુલ મોત નિપજ્યાં છે. જ્યારે આજે કોરોનાને કારણે ૧૦૪ લોકોનાં મોત નિપજ્યાં છે. જો કે બીજી તરફ સરકાર હવે ધીરે ધીરે આંકડા આપવાનું બંધ કરી રહી હોય તેમ લાગી રહ્યું છે. સરકાર દ્વારા કુલ ટેસ્ટિંગ અંગેના કોઈ જ આંકડાઓ રજુ કરવામાં નથી આવતા. જેના કારણે સરકાર પર પણ અનેક પ્રકારનાં સવાલો ઉઠી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સરકાર પર સમયાંતરે આંકડાઓમાં ગોટાળા અને આંકડા છુપાવવા જેવા અનેક આરોપો લાગતા રહ્યા છે.

## કોરોના કોર્નર

- અમેરિકા કોરોના મુક્ત - માસ્ક પહેરવામાંથી મુક્તિ.
- અંબાજી મંદિરમાં આજથી ૩ વખત આરતી થશે.
- મધ્યપ્રદેશમાં પત્રકારો અને તેમના પરિવારજનોની સારવારનો ખર્ચ રાજ્ય સરકાર ઉપાડશે.
- રશિયાની 'સ્પુતનિક' વેક્સિનની કિંમત ૯૯૫ રૂપિયા.
- રાજ્યમાં ૧લી માર્ચથી ૧૦ મી મે દરમ્યાન ૧,૨૩,૮૭૧ ડેથ સર્ટીફિકેટ ઈસ્યુ થયા.
- રાજ્યમાં ૨ હજારથી વધુ નર્સની ખાલી જગ્યા તાત્કાલિક સીધી ભરતીથી ભરાશે.
- મુખ્યમંત્રી વિજય રૂપાણી શનિવારે બનાસકાંઠા અને રવિવારે ભાવનગર કોરોનાની સ્થિતિની સમીક્ષા કરશે.
- લોકડાઉનના કારણે ગુજરાતના વેપારીઓને ૩ હજાર કરોડનું નુકશાન.
- ઓક્સિજનની અછતથી ગોવા મેડિકલ કોલેજમાં ૧૩ના મૃત્યુ.

# ખેડૂતોના આક્રોશથી ખાતરના ભાવ ઘટવાના સંકેત

## ઉત્તર ગુજરાતની સેવા મંડળીઓને નવા ભાવે ખાતર નહીં ખરીદવા સૂચના

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

ખાતરના ભાવમાં તોતિંગ ભાવ વધારો અમલી બનતાં ઉત્તર ગુજરાતના ૮ લાખ સહિત રાજ્યના ૫૪ લાખ ખેડૂતોમાં રોષ ભભૂકી ઉઠ્યો હતો. ખાતરનો ભાવ વધારો પરત ખેંચવા સરકાર ઉપર ખેડૂત આગેવાનોએ દબાણ કરવાની સાથે ભાજપના ધારાસભ્ય, સાંસદ સમક્ષ પણ રજૂઆતો થઈ હતી. ત્યારે ગુજકો માસોલ દ્વારા ઉત્તર ગુજરાતની તમામ મંડળીઓને તાકીદનો પત્ર પાઠવી નવા ભાવે ખાતર નહીં ખરીદવા સૂચના અપાતાં ખેડૂતના આક્રોશથી ખાતરના ભાવ ઘટવાના શુભ સંકેત મળી રહ્યા છે.

કોરોનાનો કપરો કાળ હોય કે પછી અનિયમિત ચોમાસુ, અતિવૃષ્ટીવાળુ ચોમાસુ કે વારંવાર હવામાન પલ્ટાવ આવે ત્યારે ખેડૂત પાયમાલ થઈ જાય છે પરંતુ ખેડૂતને પોતાની પાક ઉપજના યોગ્ય ભાવ લેવાના હોય તો રીતસરનું તંત્રને કરગરવું પડે છે. ટેકાના ભાવે ઘઉંની ખરીદી શરૂ થઈ પરંતુ કોરોનાનું ગ્રહણ વધતાં એકાએક ખરીદી બંધ કરાઈ જેના કારણે અનેક ખેડૂતોની તૈયાર પાક ઉપજ ખેતરમાં અને પોતાની વખારમાં પડી છે.

પૈસાની જરૂર છે પરંતુ પાક ઉપજ વેચવા ક્યાં જાય..?? તેવી દારૂણ સ્થિતિ છે. આ સંજોગોમાં સરકારે યોગ્ય વિકલ્પ શોધવો પડશે. જ્યારે ખેડૂતોને પડતા ઉપર પાટુના ઘા સમાન ખાતરના ભાવ એકાએક વધતાં સોશ્યલ મીડીયામાં ખેડૂતોનો આક્રોશ વ્યાપક પ્રમાણમાં જોવા મળ્યો. વધતા ખેડૂત આક્રોશ પછી ગુજકો માસોલ દ્વારા મંડળીઓને નવા ભાવે હાલ પૂરતું ખાતર નહીં ખરીદવા સૂચના આપવામાં આવી છે. તા.૧૫ મે. સુધી ખાતરની સબસીડીમાં વધારો પણ સંભવ છે.

# ઈડર તાલુકાની ચિત્રોડા હાઈસ્કૂલના શિક્ષક કોરોના સામે જિંદગી હાર્યા

## કર્મનિષ્ઠ, ઉત્સાહી અને અનેક વિદ્યાર્થીઓના પ્રેરણાદાઈ શિક્ષકના નિધનથી વિદ્યાર્થીઓમાં આઘાત સાથે શોક છવાયો

ઈડર તા.૧૪

ઈડર તાલુકાની ચિત્રોડા ગામની એમ.આર.વ્યાસ હાઈસ્કૂલના ઈંગ્લીશ - સંસ્કૃત વિષયમાં પારંગત એવા પ્રતાપસિંહ ચૌહાણનું કોરોનાથી નિધન થતા સમગ્ર વિસ્તારમાં શોક છવાયો.

કારમુખા કોરોનાની બીજી લહેરમાં જિલ્લામાં જીવલેણ સાબિત થઈ રહી છે અનેક લોકો કોરોનાના કારણે મોતને ભેટ્યા છે. જિલ્લાના શહેર અને ગામડાઓમાં કોરોનાએ હાહાકાર મચાવતા અનેક લોકો ભોગ બન્યા છે ત્યારે ઈડર તાલુકાની ચિત્રોડા એમ. આર. વ્યાસ હાઈસ્કૂલના કર્મનિષ્ઠ અને ઉત્સાહી અનેક વિદ્યાર્થીઓના પ્રેરણાદાયી ગુરુ એવા પી. કે. ચૌહાણના નામથી વિસ્તારમાં નામના ધરાવતા હાઈસ્કૂલમાં શિક્ષણની સાથે સાથે અનેક સંલગ્ન પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને



પ્રેરણા પુરી પાડી સતત શાળા પરિવાર સાથે ઉત્સાહપૂર્વક પ્રવૃત્તિમય રહેતા, શાળાના સિનિયર શિક્ષક તરીકે સતત માર્ગદર્શક અને પ્રેરણા સાથે સૌ સ્ટાફ મીત્રો સાથે પારવારીક અને ઘાટ મિત્રતાના સંબંધો ધરાવતા પી. કે. ચૌહાણ છેલ્લા અઠવાડિયામાં કોરોના સંક્રમિત થતા પ્રાથમિક સારવાર ઈડર ખાતે લઈ વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ ખાતે દાખલ કરાયા હતા જ્યાં તેમની સારવાર દરમ્યાન આજે સવારે એકાએક નિધન થયું હતું.

પી.કે ચૌહાણના કોરોના ના આકસ્મિક મોત થી તેમના પરિવાર સાથે સાથે શાળા પરિવાર અને શાળા સંચાલક મંડળ તેમજ તેમના હાથ નીચે અભ્યાસ કરેલ વિદ્યાર્થીઓમાં ઘેરો શોક છવાયો હતો અને હાઈસ્કૂલના આચાર્ય સંદીપભાઈ પટેલ, સ્ટાફ પરિવાર અને સંચાલક મંડળ આઘાત સાથે શ્રદ્ધાંજલિ આપી હતી.

## જન્મદિને વધામણી



દિયા રિંકેશભાઈ પટેલ
સાયરા તા.મોડાસા




દાનીશ મન્સુરી
નેત્રામલી (ઇડર)



શાર્વિ મૌલિકકુમાર પટેલ
મોડાસા (પુંસરી)



અનિતાબેન જીતેન્દ્રભાઈ સોની
ડેમાઈ(બાયડ)



ભરતભાઈ સી. પટેલ
(પૂર્વ સરપંચ : ચોરીવાડ ગ્રામ પંચાયત)
ચોરીવાડ, તા.ઈડર



ઉષાબેન ભરતકુમાર પટેલ
(ઉ.શિ. : ચમારપુર પ્રા.શાળા)
બાયડ, જિ.અરવલ્લી



નિર્જરા ડૉ.હીરેન પટેલ
નરોડા (અમદાવાદ)



કમલભાઈ મિસ્ત્રી
(મા.શિ. : આકરૂન્દ હાઈસ્કુલ)
મોડાસા(સોનાસણ)



રાજુભાઈ પેન્ટર
સાઠંબા, તા.બાયડ



અરવિંદભાઈ રાવળ
આકરૂન્દ, તા.ધનસુરા



સિદ્ધાર્થ મહેશકુમાર પંચાલ
(શ્રી ખોડીયાર ઈલેક્ટ્રીક)
બાયડ, જિ.અરવલ્લી



કુન્દન કે. સોની
(નારાયણ જ્વેલર્સ-ચોઈલા)
બાયડ, જિ.અરવલ્લી

# ઉત્તર ગુજરાતની શાળામાં પ્રમોશનથી ક્લાર્ક બનેલા ૩૨ પટાવાળાઓનું પ્રમોશન છીનવાય તેવો ભય

## ત્રણ વર્ષ પછી વિભાગ જાગ્યો, પ્રતિબંધ છતાં પ્રમોશન કેમ અપાયાં..?? ડી.ઈ.ઓ.ને નોટિસ..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

ઉત્તર ગુજરાતમાં અનુદાન મેળવતી ગ્રાન્ટેડ શાળાઓમાં પટાવાળાઓને પ્રમોશન આપી ક્લાર્ક બનાવવામાં આવ્યા છે પરંતુ વર્ષ-૨૦૧૮ થી પ્રમોશન ઉપર પ્રતિબંધ હોવા છતાં ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાઓમાં ૩૨ પટાવાળાઓને પ્રમોશન આપી ક્લાર્ક બનાવ્યા હતા. ૩ વર્ષ પછી કમિશનર શાળાઓની કચેરી-ગાંધીનગરને ખબર પડી કે કંઈક રંધાઈ ગયું છે. છેવટે રાજ્યના ૨૮ સહિત ઉત્તર ગુજરાતના ૫ ડી.ઈ.ઓ.ને પ્રતિબંધ છતાં પ્રમોશન કેમ અપાયાં તે મુદ્દે કારણદર્શક નોટિસ આપી જવાબ માંગ્યાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

વાહરે શિક્ષણ વિભાગ.. ઉત્તર ગુજરાતની કેટલીક શાળાઓમાં બોગસ શિક્ષકોની ભરતી થઈ તેમને ૨ વર્ષ સુધી રૂા.૨ કરોડથી પણ વધુનો પગાર ચૂકવાયો છતાં પણ કમિશનર શાળાઓની કચેરી અને ખુદ ડી.ઈ.ઓ. કચેરી અંધારામાં રહી. આવા બોગસ શિક્ષકો વિદ્યાર્થીઓને ભણાવતા રહ્યા અને બોર્ડ પરીક્ષા પણ પાસ કરી દીધી. હળાહળ ખોટું હતું તેમાં માંડે માંડે તપાસ થઈ અને સાબરકાંઠાના બે ડી.ઈ.ઓ.ને જેલમાં જવાનો વારો આવ્યો ત્યારે ખોટાને શિરપાવ અને સાચાને અન્યાય જેવી સ્થિતિ સામે આવી છે. વર્ષોથી અનુદાન મેળવતી ગ્રાન્ટેડ શાળાઓમાં પટાવાળાઓને ક્લાર્કનું પ્રમોશન આપવામાં આવે છે પરંતુ કોઈ કારણોસર વર્ષ-૨૦૧૮માં કમિશનર શાળાઓની કચેરી, નાયબ નિયામક દ્વારા પરીપત્ર કરી પ્રમોશન નહીં આપવાનો આદેશ કરાયો હતો. વિભાગના તા.૬ માર્ચ-૨૦૧૮ના રોજ ઠરાવ કર્યો જેમાં શિક્ષણ સહાયક અને આચાર્ય સંવર્ગ સિવાય નિમણૂંક આપવા-જગ્યા ભરવા સહિતના કોઈ કામ માટે એન.ઓ.સી. આપવામાં નહીં આવે તેમ છતાં ગુજરાતના ૨૮ જિલ્લાની ડી.ઈ.ઓ. કચેરી દ્વારા ૧૨૦ પટાવાળાઓને જુનિયર ક્લાર્કના પ્રમોશન આપી દેવામાં આવ્યા છે. ૩ વર્ષ પછી કમિશનર શાળાઓની કચેરી-ગાંધીનગરના ધ્યાન ઉપર આવ્યું કે પ્રમોશન ઉપર પ્રતિબંધ છતાં પ્રમોશન કેવી રીતે અપાયા અને ધડાધડ એક પછી એક સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં પણ ૩૨ પટાવાળાઓને ક્લાર્કનું પ્રમોશન આપ્યું હોવાથી તેની વિગતો માંગવામાં આવી છે. સંભવ છે કે ખોટા પ્રમોશન હશે તો જે તે સમયના ડી.ઈ.ઓ. સામે સકંજો વધુ મજબૂત બની શકે છે. ઉત્તર ગુજરાતના અરવલ્લીમાં ૯, સાબરકાંઠા-૫, પાટણ-૪, અને બનાસકાંઠા-મહેસાણામાં ૭-૭ પ્રમોશન અપાયાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

# પાણી માટે નવી પોલીસી અદ્ધરતાલ : ઉત્તર ગુજરાતમાં દરરોજ ૬૩ કરોડ લીટર અમૂલ્ય પાણીનો વપરાશ

## મીટર લાગુ કરવાનો નિર્ણય હજુ પણ ફાઈલમાં અટવાયો, અનેક વિસ્તારોમાં પાણીનો વેડફાટ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

ઉત્તર ગુજરાતના અનેક





વિસ્તારોમાં પીવાના પાણી ઉનાળામાં દોહ્યલું બની જાય છે. આવા વિસ્તારની પ્રજા પાણીનું મૂલ્ય સમજી શકે છે. અત્યારે કાળઝાળ ઉનાળો છે ત્યારે ઉત્તર ગુજરાતમાં દરરોજ ૬૩ કરોડ લીટર અમૂલ્ય પાણીનો વપરાશ થઈ રહ્યો છે. સરકાર દ્વારા પાણીનો વેડફાટ અટકાવવા નવી પોલીસી ૨૦૧૯માં ચર્ચવામાં આવી હતી જેમાં પાણી વપરાશ માટે મીટર મૂકવાના વિચારને સ્વીકારવામાં આવ્યો હતો પરંતુ ૨ વર્ષ પછી પણ પાણી માટે નવી પોલીસી અદ્ધરતાલ રહી છે. ઉત્તર ગુજરાતના ૪૭ તાલુકામાં ૮૯ લાખથી પણ વધુની માનવ વસતી છે.

ઉત્તર ગુજરાતના ૪૭ તાલુકા પૈકી એકપણ તાલુકો એવો નહીં હોય કે જ્યાં પીવાના પાણીનો કકળાટ જોવા મળ્યો નહીં હોય. સતત ગરમી વધી રહી છે અને ભૂગર્ભ જળસ્ત્રોત ઉંડા ઉતર્યા છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં ૧ કરોડથી વધુની માનવ વસતીનો ૭૦ ટકા ભાગ પીવાના પાણીની તંગી અનુભવી રહ્યો છે. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લીના પૂર્વ પટ્ટા તેમજ બનાસકાંઠાના મોટાભાગના વિસ્તારોમાં પીવાના પાણીના બુંદ માટે પ્રજા વલખાં મારી રહી છે. જળાશયોમાં માંડ ૨૦ થી ૨૫ ટકા પાણીનો જથ્થો બચ્યો છે જે પાણી વપરાશને યોગ્ય નથી. સરકારની પાણી પુરવઠાની જૂથ યોજનાઓમાં પણ સરકારનાં બોરવેલનાં પાણી વધુ ને વધુ ઉંડા ઉતરી રહ્યા છે.

# વિવાદ જ સંકટ સમયે ઉપયોગી : જિલ્લાની નદીઓમાં વધુ ચેકડેમ બનાવવાની માંગ

## કાંપથી ભરાઈ ગયેલા ચેકડેમ ઉંડા કરાવો, ખેડૂતો-પશુપાલકો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પીવાના શુદ્ધ પાણી માટે પ્રજા વલખાં મારી રહી છે ત્યારે પાછલા ૧૨ વર્ષ દરમ્યાન નદી ઉપર ચેકડેમ બાંધવામાં આવ્યા ત્યારે અનેક ગામોની પ્રજાએ તેનો ખુલ્લો વિરોધ કર્યો હતો પરંતુ ઉનાળામાં ચેકડેમ આશીર્વાદરૂપ બની રહ્યા છે. મૂંગા પશુઓની પીવાના પાણીની તરસ છીપાઈ રહી છે. ખેડૂતોને ડ્રીપ ઈરીગેશન મારફતે સિંચાઈનું પાણી મળી રહ્યું છે. તેથી સરકાર દ્વારા જળસંચય યોજના અંતર્ગત જિલ્લાની નદીઓ ઉપર વધુમાં વધુ ચેકડેમ બનાવી દુકાળમાં પાણીની અછતને અવસરમાં પલ્ટાવવા માટે અત્યારથી પ્રતિજ્ઞાબદ્ધ બને તેવી માંગ થઈ રહી છે. નદી ઉપર હયાત ચેકડેમમાં કાંપ ભરાયો હોવાથી તે ખાલી કરાવી પાણીની ક્ષમતામાં વધારો કરવામાં આવે તેવી લાગણી પ્રવર્તિ રહી છે.

રાજ્યમાં ૧૯૮૫ થી ૯૦ ના અરસામાં કોંગ્રેસના શાસન દરમ્યાન પીવાના પાણીની અછતે ગુજરાતે હચમચાવ્યું હતું. ત્યારબાદ ભાજપની સરકાર સત્તામાં આવતાં વર્ષ-૨૦૦૧ સુધીમાં ગામે ગામે ખેત તલાવડી, આડબંધ, બોરીબંધ, તળાવો ઉંડા કરવા જેવી યોજનાઓ અમલમાં મૂકતાં ચોમાસા દરમ્યાન નકામું વહી જતું પાણી જમીનમાં



ઉતારવાના પ્રયાસો છેલ્લા એક દાયકા દરમ્યાન સફળ રહ્યા અને સાબરકાંઠા, અરવલ્લીમાં પણ ભૂગર્ભ જળભંડાર સમૃદ્ધ બન્યો હતો. પરંતુ સમય બદલાયો, વિચારો બદલાયા તેમ ખેત તલાવડીઓ ભૂલાઈ ગઈ, જે કોઈ ચેકડેમ બનાવવામાં આવ્યા તેમાં કાંપ ભરાતાં સામાન્ય વરસાદમાં ચેકડેમ છલકાઈ ગયા, જ્યારે સ્ટેટ સિંચાઈ વિભાગ દ્વારા જિલ્લાની વાત્રક, માઝૂમ, મેશ્વો, હરણાવ, હાથમતી, વરાંસી સહિતની નદીઓ ઉપર જ્યાં અનુકુળતા આવી ત્યાં લાખોના ખર્ચે ૨ થી ૩ મીટર ઉંચા ચેકડેમ બનાવવામાં આવ્યા અને આવા ચેકડેમ બનતાં ચોમાસા દરમ્યાન અનેક ગામોમાં નદીનાં પાણી ફરી વળવાની દહેશતના કારણે વિરોધનો સૂર સામે આવ્યો હતો પણ હવે જિલ્લામાં કાળઝાળ ઉનાળામાં નદી પરના મોટાભાગના ચેકડેમ પાણી ભરેલું હોવાથી મૂંગા પશુઓની તરસ છીપાય છે અને આસપાસના બોરકૂવા રીચાર્જ થઈ રહ્યા છે. જ્યારે સરકારે વર્તમાન સ્થિતિને ધ્યાને લઈ મોટી સંખ્યામાં નદીઓ ઉપર ચેકડેમ બનાવવા જોઈએ જેથી ઓછા વરસાદ છતાં પણ પાણીનું સંકટ એક ભૂતકાળ બની જાય. અગાઉના વર્ષોમાં વાત્રક નદી ઉપર ચેકડેમ બનાવવાના કારણે રમોસ અને અલાણા ગામના લોકોએ ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો. પરંતુ આજ ગામો માટે કાળઝાળ ઉનાળામાં નદી પરના ચેકડેમ તેમના માટે તારણહાર બની ગયા છે.

## ડોડીસરામાં બે વાહનોમાંથી ૧.૧૫ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

ભિલોડા, તા.૧૪


ભિલોડા પોલીસે ડોડીસરાના ચીમન બાબુભાઈ બળેવાના ખેતરમાં બનાવેલ છાપરા આગળથી બાતમી આધારે બોલેરો પીકઅપ ડાલુ તથા ફોર્ડફીગોમાંથી રૂા.૧,૧૫,૫૧૦ની ૩૪૭ બોટલ વિદેશી દારૂ સાથે સુરેશ કાલુરામ નાનજીભાઈ રાંત (રહે.તલૈયા, રાજસ્થાન)ની અટકાયત કરી છે. જ્યારે ૪ આરોપી ફરાર થઈ ગયા છે. રાજસ્થાનની સરહદ સીલ છે તો પછી વિદેશી દારૂ કેવી રીતે ઘૂસ્યો..?? તેને લઈને પોલીસ માથું ખંજવાળતી થઈ છે. રાજસ્થાન ગુજરાતની સરહદ કોરોનાના વધતા કેસના કારણે સીલ છે છતાં દારૂ ભરેલાં વાહનો બેરોકટોક આવન જાવન કરી રહ્યા છે. જે તપાસનો વિષય છે. ભિલોડા પોલીસે તા.૧૩ ના રોજ ડોડીસરા ગામના સીમાડામાંથી બે વાહનોમાંથી વિદેશી શરાબ ઝડપી લીધો હતો. પોલીસને જોઈને અન્ય ૪ આરોપીઓ ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા.

## દુઃખદ અવસાન



બાયડ : ધનસુરાના પ્રદીપભાઈ પટેલ(મુખ્ય શિક્ષક : લક્ષ્મણપુરા પ્રાથમિક શાળા) અને કૌશિકભાઈ પટેલ (સી. આર.સી. હિરાપુર)ના પિતા માધુભાઈ શકરાભાઈ પટેલ (મંત્રી : ધનસુરા તાલુકા સિનિયર સિટીઝન ટ્રસ્ટ, ધનસુરા કેળવણી મંડળના કારોબારી સભ્ય)નું દુઃખદ અવસાન થયેલ છે. કોરોનાની વર્તમાન પરિસ્થિતિના કારણે ટેલિફોનિક બેસણું રાખેલ છે.

•••



બાયડ : બાયડ ભાવસાર સમાજના અગ્રણી નટુભાઈ ભાવસારનું દુઃખદ અવસાન થયેલ છે.